જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૬૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૨૨૩ લીટર દેશી દારૂ, ૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૮૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૬૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૬૯/૨૦૨૫**

ઓઢવઃ ભાવિનભાઇ પ્રવિણભાઇ સથવારા (રહે. મહાવિરનગર પ્રભુ સોસાયટી અર્બુદાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૫ રાતના ૧૦/૦૦ થી તા.૧૪/૧૨/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૭૮,૦૦૦/– અને ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૫,૫૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૩,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

બાપુનગરઃ શાહીલભાઇ ચંદ્રકુમાર મલકાની (રહે.ભગીરથ પાર્ક–૦૨ નોબલ સ્કૂલ પાર્શ્વનાથ ટાઉનશીપ કૃષ્ણનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૨૦૨૫ કલાક ૦૦/૧૫ થી તા.૧૪/૧૨/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર, ન્યુ શ્રીજી ફેશન ભીડભંજન રોડ ખાતે આવેલ પોતાની દુકાનની પાછળના દરવાજાના સળીયા અને નકુચા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી ડી.વી.આર.નંગ–૦૧ કિમત રૂપિયા ૪,૫૦૦/– તથા બીજા માળથી જીન્સ પેંટ તથા શર્ટ કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૭૪,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૭૦/૨૦૨૫**

ચાંદખેડાઃ ચાંદખેડા ટી.પી–૪૪ પાર્શ્વનાથ મેટ્રો સીટી ખાતે રહેતા દેવર્શી બારોટ નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

સરદારનગરઃ ગૌરાંગભાઇ ભીખાભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે. ઓઝોન ગીલ્ટર આઇ.ટી.આઇ રોડ નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

ઇસનપુરઃ દિલીપભાઇ ગભાજી ઠાકોર (ઉ.વ.૫૧)(રહે.રામદેવપીરવાસ ઘોડાસર ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ ભગાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી